Surat Municipal Corporation
e-Magazine
Issue 36
Jan.27, 2006

## સુરત મહાનગરપાલિકા સુશોભિત ફૂલછોડ સ્પર્ધા અને ફલાવર શોનું આયોજન

સુરત મહાનગરપાલિકા ધ્વારા વનિતા વિશ્રામગ્રાઉન્ડ ખાતે તા. ૦૯–૦૨–૨૦૦૬ના રોજ ફલાવર શોનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં વિવિધ પ્રકારની હરિફાઈ જેવી કે, બોન્સાઈ, સુશોભિત ફુલછોડના કુંડા, કટસીઝનલ ફલાવર્સ, તાજા ફુલોની ગોઠવણી, સુકા ફુલોની ગોઠવણી, ફુલ સજાવટ, મોસમી ફુલછોડના કુંડા, કેકટસ, સલાડ ડેકોરેશન, આર્ટીફીશીયલ ફલાવર એરેજમેન્ટ તથા નર્સરી ડિસપ્લે જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## ટીબી માટે વિશ્વની શ્રેષ્ઠ એવી ' ડોટસ ' સેવાઓનો સુરત મહાનગરપાલિકામાં વધેલો વ્યાપ

ક્ષય નિયંત્રણ અર્થે વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમાણિત 'ડોટસ' અંતર્ગત નિદાન તથા સારવાર સેવાઓનો લાભ વધુને વધુ દર્દીઓ સુધી પહોંચી રહયો છે. સુરત મહાનગરપાલિકાનાં ૨૭ હેલ્થ સેન્ટરો તથા સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે 'ડોટસ' અંતર્ગત ટીબીનાં નિદાન તથા સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે. સમગ્ર વિશ્વમાં ટીબી નિયંત્રણ ક્ષેત્રે કુલ ૧૮૦ દેશો 'ડોટસ' હેઠળ સારવાર પધ્ધતિ અપનાવી રહયા છે. સુરત મહાનગરપાલિકા પણ તેમાં બાકાત નથી તથા ક્ષય (ટીબી)ની આ એક સચોટ–અકસીર પધ્ધતિ હોવાની તેનો વ્યાપ ઝડપથી તમામ દર્દીઓ લઈ રહયા છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

## ઉધના અને લીંબાયત ઝોનમાં મેયર ડો. કનુભાઈ માવાણીની અધ્યક્ષતામાં ચુંટાયેલા સભ્યશ્રીઓ અને ઝોનના અધિકારીશ્રીઓ સાથે થયેલ મીટીંગ

તા. ૨૧–૦૧–૦૬ સવારે મા. મેયરશ્રી કનુભાઈ માવાણીએ ઉધના અને લીંબાયત ઝોનમાં ચુંટાયેલા સભ્યશ્રીઓ અને ઝોનના અધિકારીશ્રીઓ સાથે એક મીટીંગનું આયોજન કર્યુ હતું. આ મીટીંગમાં નવા ચૂંટાયેલા સભ્યશ્રીઓ અને અધિકારીઓનો પરિચય રાખવામાં આવ્યો હતો. સભ્યો અને અધિકારીઓ સાથે સંકલન રાખી કાર્ય કરવા જણાવ્યું. તેમજ નવા ચૂંટાયેલા સભ્યશ્રીઓને કયા કામો કયા ખાતા ધ્વારા કરવામાં આવે છે કેવી ફરીયાદો કયાં કરવી વિગેરેની માહિતી આપી હતી. ખાતા તરફથી ઝોન મારફત કયા અધિકારી ધ્વારા કયા વિસ્તારમાં કામ કરવામાં આવે છે તેની માહિતી આપવામાં આવી હતી. આ મીટીંગમાં ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, ડી.ઓ.પી.શ્રી જીવણભાઈ પટેલ, ડે. કમિશ્નરશ્રી (હે અને હો) શ્રી આઈ. સી. પટેલ તેમજ અન્ય અધિકારીશ્રીઓ હાજર રહયા હતા. આ મીટીંગ ખુબ જ સાનુકુળ વાતાવરણમાં મળી હતી.....

વધુ માટે કલીક કરો >>>>>>

## યુસીડી દિન નિમિત્તે શ્રેષ્ઠ મહિલા કાર્યકરોનું પારિતોષિક સન્માન



સુરત મહાનગરપાલિકાના નગર સમુદાય વિકાસ યોજના (યુ.સી.ડી. પ્રોજેકટ)ના ૩૯માં સ્થાપનાદિન નિમિત્તે યુ.સી.ડી. પ્રેરીત સ્લમ વિસ્તારના શહેરી ગરીબ કુંટુંબોના રચાયેલા ૪૯ મહિલા સંગઠનોના લાભાર્થીઓ ધ્વારા યુ.સી.ડી. દિનની ઉજવણી પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ અને સારી કામગીરી કરનાર મહિલા સંગઠન તથા ચહઅ ને પારિતોષિક વિતરણ કાર્યક્રમ પ્રસંગે દિપ પ્રાગટય કરી ઉદઘાટન સુરત મહાનગરપાલિકાના મેયર ડો. કનુભાઈ માવાણી તથા ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ તથા શાસકો પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ તથા સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન સિરોયા તથા કમિશ્નરશ્રી પંકજ જોષીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સુશોભિત ફૂલછોડ સ્પર્ધા અને ફલાવર શોનું આયોજન

**સુરત મહાનગરપાલિકા ધ્વારા વનિતા વિશ્રામગ્રાઉન્ડ ખાતે તા. ૦૯–૦૨–૨૦૦૬ના રોજ ફલાવર શોનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં વિવિધ પ્રકારની હરિફાઈ જેવી કે, બોન્સાઈ, સુશોભિત ફુલછોડના કુંડા, કટસીઝનલ ફલાવર્સ, તાજા ફુલોની ગોઠવણી, સુકા ફુલોની ગોઠવણી, ફુલ સજાવટ, મોસમી ફુલછોડના કુંડા, કેકટસ, સલાડ ડેકોરેશન, આર્ટીફીશીયલ ફલાવર એરેજમેન્ટ તથા નર્સરી ડિસપ્લે જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ વિના મુલ્યે ગાંધીબાગ કચેરીમાંથી સવારે ૯–૦૦ થી સાંજે ૫–૦૦ દરમ્યાન મળી શકશે. વધુ માહિતી માટે રસ ધરાવતા નાગરીકોએ ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટશ્રીની કચેરી, જાહેર બાગબગીચા ખાતું, ગાંધીબાગ, રંગ ઉપવન સામે, નાનપુરા, સુરત. ફોન નં. ૨૪૭૩૬૩૩, ૩૯૬૭૦૫૫ અને ૩૯૪૮૧૪૭ પર સંપર્ક સાધવા વિનંતી.**

TOP

## ટીબી માટે વિશ્વની શ્રેષ્ઠ એવી ' ડોટસ ' સેવાઓનો સુરત મહાનગરપાલિકામાં વધેલો વ્યાપ.

ક્ષય નિયંત્રણ અર્થે વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમાણિત 'ડોટસ' અંતર્ગત નિદાન તથા સારવાર સેવાઓનો લાભ વધુને વધુ દર્દીઓ સુધી પહોંચી રહયો છે. સુરત મહાનગરપાલિકાનાં ૨૭ હેલ્થ સેન્ટરો તથા સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે 'ડોટસ' અંતર્ગત ટીબીનાં નિદાન તથા સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે. સમગ્ર વિશ્વમાં ટીબી નિયંત્રણ ક્ષેત્રે કુલ ૧૮૦ દેશો 'ડોટસ' હેઠળ સારવાર પધ્ધતિ અપનાવી રહયા છે. સુરત મહાનગરપાલિકા પણ તેમાં બાકાત નથી તથા ક્ષય (ટીબી)ની આ એક સચોટ–અકસીર પધ્ધતિ હોવાની તેનો વ્યાપ ઝડપથી તમામ દર્દીઓ લઈ રહયા છે.

સને–૨૦૦૫માં સુરત મહાનગરપાલિકા વિસ્તાર અંદાજિત ૬૦૦૦ ટીબીનાં કેસોમાંથી ૪૧૬૮ કેસોને 'ડોટસ' હેઠળ આવરી લેવામાં સફળતા મળી છે. કોઈપણ પ્રકારનાં ટીબીનાં દર્દીઓ, બાળકો–સ્ત્રીઓ–પુરૂષો તમામ આ સારવાર હવે લેતા થયા છે, જે ડોટસની સફળતાની નિશાની છે.

સુરત શહેરનાં પ્રાઈવેટ પ્રેકટીશનરો પણ આ ટીબીની ડોટસ સારવાર તેમનાં દર્દીઓને ભલામણ કરે છે તથા આમાંનાં ઘણા તબીબો ખુદ તેમનાં દર્દીઓને ડોટસ આપે છે.

નોન–ડોટસ પ્રકારની ટીબીની સારવારમાં હંમેશા દર્દી લાંબી સારવારથી કંટાળી જતો હોઈ સફળતા દર ૬૦%થી પણ નીચો રહે છે. જયારે 'ડોટસ' હેઠળ સફળતા દર હંમેશા ૮૫%થી વધુ રહે છે. સુરત મહાનગરપાલિકાનાં ચોથા કવાર્ટર–૨૦૦૫નો સફળતા દર ૮૬% જેટલો જણાયેલ છે.

ત્રણ અઠવાડીયાથી વધુ સમયની ખાંસી ટીબી હોઈ શકે છે તથા તેમનાં ગળફાની વિનામૂલ્યે તપાસ તાકીદે કરાવી લેવા નજીકનાં હેલ્થ સેન્ટર જવું જોઈએ અને ટીબી જણાય તો ફકત ડોટસ સારવાર લેવાનો જ આગ્રહ રાખવો જોઈએ.

TOP

## ઉધના અને લીંબાયત ઝોનમાં મેયર ડો. કનુભાઈ માવાણીની અધ્યક્ષતામાં ચુંટાયેલા સભ્યશ્રીઓ અને ઝોનના અધિકારીશ્રીઓ સાથે થયેલ મીટીંગ

તા. ૨૧–૦૧–૦૬ સવારે મા. મેયરશ્રી કનુભાઈ માવાણીએ ઉધના અને લીંબાયત ઝોનમાં ચુંટાયેલા સભ્યશ્રીઓ અને ઝોનના અધિકારીશ્રીઓ સાથે એક મીટીંગનું આયોજન કર્યુ હતું. આ મીટીંગમાં નવા ચૂંટાયેલા સભ્યશ્રીઓ અને અધિકારીઓનો પરિચય રાખવામાં આવ્યો હતો. સભ્યો અને અધિકારીઓ સાથે સંકલન રાખી કાર્ય કરવા જણાવ્યું. તેમજ નવા ચૂંટાયેલા સભ્યશ્રીઓને કયા કામો કયા ખાતા ધ્વારા કરવામાં આવે છે કેવી ફરીયાદો કયાં કરવી વિગેરેની માહિતી આપી હતી. ખાતા તરફથી ઝોન મારફત કયા અધિકારી ધ્વારા કયા વિસ્તારમાં કામ કરવામાં આવે છે તેની માહિતી આપવામાં આવી હતી. આ મીટીંગમાં ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાળા, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, ડી.ઓ.પી.શ્રી જીવણભાઈ પટેલ, ડે. કમિશનરશ્રી (હે અને હો) શ્રી આઈ. સી. પટેલ તેમજ અન્ય અધિકારીશ્રીઓ હાજર રહયા હતા. આ મીટીંગ ખુબ જ સાનુકુળ વાતાવરણમાં મળી હતી.

આ મીટીંગમાં મુખ્યત્વે ડ્રેનેજ લાઈન અને તેના કનેકશન બાબત, સર્કલો બનાવવા બાબત, સ્કુલોની મરામત કરવા બાબત, વિસ્તારમાંથી પસાર થતી મીઠી ખાડી તથા કાકરા ખાડી પર દિવાલ બનાવવા બાબત, પાણીના પ્રેશર બાબત, ખાડી પર પુલ બનાવવા બાબત, શાક માર્કેટ પાસેના લારીના દબાણો બાબત, ઝુપડપટ્ટી શીફટ કરવા બાબત, વિસ્તારમાં પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકો બનાવવા બાબત, સમગ્ર વિસ્તારમાં ફોગીંગ કરવા બાબત, નિયમિત સાફ સફાઈ કરાવવા બાબત, કોમ્યુનીટી હોલ બનાવવા બાબત, વાંચનાલય બનાવવા બાબત, શાંતિવન બાગો બનાવવા બાબત, ભેસ્તાન ખાતે આવેલ જુનુ રેલ્વે ગરનાળુ ચાલુ રાખવા બાબત, ડ્રેનેજ કનેકશનોની નીતિ હળવી કરવા બાબત, રેલ્વે બ્રીજો બનાવવા બાબત, લીંબાયત ઝોનમાં મેટરનીટી હોલની સુવિધા આપવા બાબત તથા હોસ્પિટલ પર નિશાન મુકવા બાબત, ઝુપડાઓને સનદ આપવા બાબત, આંજણા વોર્ડમાં મુસ્લીમોને કબ્રસ્તાન માટે જમીન ફાળવવા બાબત, પુણા જકાતનાકા થી સહારા દરવાજા સુધીના રસ્તાનું દબાણ દુર કરવા બાબત, મામા નગર ઝુપડપટ્ટીમાં પ્રાથમિક સુવિધાઓ આપવા બાબત, હિન્દી માધ્યમની શાળા શરૂ કરવા બાબત હતા.

મા. મેયરશ્રીએ અંતમાં અધિકારીશ્રીઓને જણાવ્યું હતું કે, કામની કવોલીટીમાં કોઈપણ જાતનું સમાધાન કરવામાં આવશે નહીં અને તેની જવાબદારી અધિકારીઓની રહેશે. કાકરા ખાડી અને મીઠી ખાડીના કામ બાબતે બજેટમાં જોગવાઈ કરવી હશે તો કરવામાં આવશે. જે જગ્યાએ પે એન્ડ યુઝ ટોયલેટની જરૂરીયાત હોય ત્યાં તાકીદે પે એન્ડ યુઝ બનાવવા અધિકારીઓને સુચના આપી હતી. તેમજ સ્કુલના ગ્રાઉન્ડો તાકીદે બનાવવા અને સ્કુલોની આસપાસ જે લારી ગલ્લામાં ખાદ્ય પદાર્થનો આરોગ્ય ખાતા તરફથી નિયમિત તપાસ થવી જોઈએ. આ ઉપરાંત ગરીબોના બાળકો માટે દરેક વોર્ડદીઠ વાંચનાલય બનાવવી અને સીનીયર સીટીઝન માટે શાંતિવનના બાગોનું આયોજન કરવા ઉપર મા. મેયરશ્રીએ ખાસ ભાર મુકયો હતો. મ્યુ. સભ્યશ્રીઓ અને પ્રજાના પ્રશ્નો બાબતે અધિકારીઓએ બપોરે ૧૨ થી ૧ દરમ્યાન ઓફિસમાં હાજર રહેવા જણાવ્યું હતું. મેઈન રોડ ઉપર ઝીરો દબાણ હોવું જોઈએ. પ્રાથમિક શાળાઓમાં જે કંઈ મરામત કરવાની હોય તે તાકીદે કરવા અને તેઓ પોતે સરપ્રાઈઝ વીઝીટ લેશે તેમ પણ જણાવ્યું હતું.

મીટીંગમાં ડે. મેયરશ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાળા અને શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈએ સભ્યશ્રીઓને માર્ગદર્શન પુરુ પાડયું હતું.

TOP

## યુસીડી દિન નિમિત્તે શ્રેષ્ઠ મહિલા કાર્યકરોનું પારિતોષિક સન્માન

સુરત મહાનગરપાલિકાના નગર સમુદાય વિકાસ યોજના (યુ.સી.ડી. પ્રોજેકટ)ના ૩૯માં સ્થાપનાદિન નિમિત્તે યુ.સી.ડી. પ્રેરીત સ્લમ વિસ્તારના શહેરી ગરીબ કુટુંબોના રચાયેલા ૪૯ મહિલા સંગઠનોના લાભાર્થીઓ ધ્વારા યુ.સી.ડી. દિનની ઉજવણી પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ અને સારી કામગીરી કરનાર મહિલા સંગઠન તથા ચહઅ ને પારિતોષિક વિતરણ કાર્યક્રમ પ્રસંગે દિત પ્રાગ્ટય કરી ઉદઘાટન સુરત મહાનગરપાલિકાના મેયર ડો. કનુભાઈ માવાણી તથા ડે. મેયર ડો. સુષ્માબેન અગ્રવાલ તથા શાસકો પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ તથા સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતિ અસ્મિતાબેન સિરોયા તથા કમિશનરશ્રી પંકજ જોષીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.



મા. કમિશનરશ્રી આવકાર પ્રવચન આપતા જણાવ્યું કે, " સુરત મહાનગરપાલિકા ધ્વારા ચાલતા યુ.સી.ડી. પ્રોજેકટના શ્રેષ્ઠ ચહઅ સંગઠન અને પ્રોત્સાહનના ભાગરૂપે પારિતોષિક વિતરણ કરવામાં આવનાર છે. હમક ધ્વારા ર૩ર બચત જૂથોના ર૮૦૦ મહિલા સભ્યો ધ્વારા માસિક રૂા. ૧ લાખ ૮૦ હજારની બચત કરવામાં આવે છે. બે વર્ષ દરમ્યાન રૂા. ર૭ લાખ ભંડોળ એકત્ર કરવામાં આવ્યું છે. ૧૬૦૦ લાભાર્થીઓને લોન તેમજ ઘઉ, તેલ અને ચોખા વિતરણ કરવામાં આવેલ છે. જેની રીકવરી ૧૦૦ ટકા રહી છે. આ કામગીરી સરાહનીય ગણાય. "

મા. મેયર ડો. કનુભાઈ માવાણીએ સમારંભના પ્રમુખ સ્થાનેથી ઉદબોધન કરતા જણાવ્યું કે, " સરકારશ્રીની યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે અગત્યનું છે. ગ્રાસરૂટ લેવલ સુધી પ્રત્યક્ષ રીતે નાનામાં નાના સ્તર ભાગીદારી મેળવવા ચહઅ કામગીરી કરે છે. સમૂહના હિતોના પ્રશ્નો રજુ કરવા શહેરના વિકાસમાં વિવિધ ૪૯–મહિલા મંડળો ૧૧–પરિષદો અને હમક ની બહેનો ધર્મ અને રાજકારણથી અલગ રહી, તન–મન–ધનથી કામ કરે છે. લોકશાહીની પ્રક્રિયાને જીવંત રાખે છે. "

ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશ વ્યાસ ધ્વારા મુલ્યાંકન માહિતી તૈયાર કરવામાં આવી હતી. સને ર૦૦૪–૦પના વર્ષમાં કાર્ય પધ્ધતિ ધ્વારા કામગીરી કરનાર શ્રેષ્ઠ સંગઠન તરીકે " સગરામપુરા મહિલા બસ્તી વિકાસ પરિષદ " ને મા. મેયરશ્રીના હસ્તે હમક લેવલે વધુ બચત મંડળ બનાવનાર શિવાંજલી મહિલા બસ્તી વિકાસ મંડળ, અડાજણના પ્રમુખ શ્રીમતિ ઉર્મિલાબેન જે. પટેલને એનાયત કરવામાં આવ્યું.

સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ–અધિકારીશ્રીઓ તેમજ સ્લમ વિસ્તારમાં વિવિધ મંડળના પ્રતિનિધિઓ–લાભાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રસ પૂર્વક માણ્યો હતો. અંતમાં આભાર વિધિ યુ.સી.ડી. વિભાગના ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશ વ્યાસે કરતા જણાવ્યું હતું કે " સ્લમ વિસ્તારના કુટુંબોની કલા–કારીગરીને પ્રોત્સાહન આપવા, આત્મવિશ્વાસ વધારવા માટેના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ તમામ મહાનુભાવોનો અને લાભાર્થીઓનો આભાર માન્યો હતો. આ સાંસ્કૃતિક કાર્યક્રમને સફળ બનાવવા યુ.સી.ડી. સ્ટાફ તેમજ સંગઠનના લાભાર્થીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

TOP